વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૨૧ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : નવેમ્બર - ૦૬, ૨૦૧૭

## એશિયા પેસિફીકખંડના ફાર્મર્સ ફોરમનું સંમેલન

'સેવા'માં દક્ષિણ એશિયા ખંડના ભારત સહિત શ્રીલંકા, બાંગ્લાદેશ, નેપાળ, દક્ષિણ પૂર્વ એશિયાના જાપાન, કંબોડીયા, ઈન્ડોનેશિયા, મોંગલિયા, તાઇવાન, ચીન, તઝાકિસ્તાન, કિર્ગીસ્તાન, વિએટનામ, લાઓ, થાઇલેન્ડ, ફિલિપાઇન્સ તથા ફિજી અને પાપુઆ ન્યુગીનીયા પેસિફીક ટાપુઓના દેશોની ખેડૂતો સાથે કામ કરતી સંસ્થાઓના પ્રતિનિધિઓ અને ખેડૂત બહેનો અને ભાઈઓએ સક્રિય ભાગ લીધો.

તા. ૪-૬ ઓક્ટોબર એશિયા પેસિફિક વુમન ફાર્મર્સ ફોરમ અને તા. ૬-૯ ઓક્ટોબર એશિયા ફાર્મસ ફોરમના એશિયા અને પેસિફિકના સભ્ય દેશોની પ્રાદેશિક કક્ષાની સમિતિની ત્રીજી મીટિંગ અમદાવાદમાં યોજાઇ ગઇ. પહેલી બે મીટિંગ આ અગાઉ ક્રમાનુસાર વિએટનામ અને લાઓમાં યોજાઇ હતી.

'સેવા' સંગઠનમાં ખેડૂત બહેનોનું પ્રમાણ પણ સવિશેષ છે. ખેડૂત બહેનોની દૃશ્યતા માટે સતત કામ થાય છે. આ ફાર્મસ ફોરમની મીટિંગના ઉદ્‌ઘાટન પ્રસંગે 'સેવા'ના અનુભવને ટાંકતા રીમાબહેને જણાવ્યું, ભારતમાં યુવાનો






માટે રોજગારી ઊભી કરવાની પાયાની જરૂરિયાત છે અને એમાં ખેતીનો વ્યવસાય અસરકારક ભૂમિકા ભજવી શકે છે. નાના અને સીમાંત ખેડૂત બહેનોના કામનો ઉલ્લેખ કરતાં વધુમાં જણાવ્યું, નાના ખેડૂતોને મજબૂત બનાવી ખેડૂતો અને ખેતરોનું વ્યવસાયીકરણ કરવા તરફ પ્રયાસ થવા જરૂરી છે. આ સંમેલનમાં થનારી ચર્ચામાંથી ઘણાં નવા આયામો બહાર આવી શકે છે અને તેને આપણે રાષ્ટ્રીયસ્તરે આગળ લઇ શકીએ છીએ. ખેતી મજબૂત થાય, ખેડૂત બહેનોની ઓળખ ઊભી થાય અને તેમનું ગૌરવ વધારવું અગ્રસ્થાને બની રહે.

એશિયા ફાર્મસના સેક્રેટરી જનરલ એસ્થરબહેન પેન્યુનિયાએ આ મીટિંગ એશિયા પેસિફીકમાં યોજવાનું કારણ આપતાં જણાવ્યું, વિશ્વના ૭૦% ખેડૂતો એશિયા પેસિફીકમાં છે અને તેઓ ગરીબ છે. આ ગરીબ કુટુંબો વિશ્વના ૭૦% અનાજનું ઉત્પાદન કરે છે. ઘણાં દેશમાં મહિલાઓ ખેતરનું ૭૦ થી ૮૦ ટકા કામ કરે છે તેમ છતાં તેમને ખેડૂત તરીકે ઓળખાણ મળી નથી અને ખેતીના નિર્ણયોમાં તેમની ભાગીદારી હોતી નથી.

મીટિંગના મુખ્ય બે એજન્ડા હતા - ૧. ખેતીમાં બહેનોની ભૂમિકા અને તેમના યોગદાનની સામુહિક પ્રસંશા અને ૨. બહેનોની ભાગીદારી મજબૂત બને એ માટે વિકાસમાં સાથ આપનાર ભાગીદારો (સરકાર, નાણાંકીય સહયોગ આપનાર) સર્વેને ભલામણો કરવી અને કામના મુખ્ય મુદ્દાઓ પર વિચારણા કરવી.

ગુજરાત સરકારના કૃષિ મંત્રાલયના સચિવશ્રી સંજય પ્રસાદે ખેડૂતોના ઉત્કર્ષ અને ટકાઉ ખેતી માટે સરકાર તરફથી લેવાયેલા પગલાં વિશે વિસ્તૃત વાત કરતાં જણાવ્યું કે, ભારતમાં સીધા ખેતી સાથે અને ખેતી સાથે જોડાયેલ વ્યવસાયમાં ગુજરાતમાં ૫૦% કામદારો જોડાયેલ છે. ૧૦ લાખ ખેડૂતો તો માત્ર અમુલ સહકારી મંડળી સાથે જોડાયેલા છે, ૧૫ લાખ શેરડીમાંથી ખાંડ બનાવતી સહકારી મંડળી સાથે છે. સરકારી યોજનાઓથી ખેડૂતો મજબૂત બને અને નવીનતમ ટેકનોલૉજીનો લાભ લે તે માટે સરકાર તરફથી સતત પ્રયાસ થતા રહે છે. પાક વીમા યોજના દ્વારા પણ ખેડૂતોની સલામતી જોડાય છે. આ બધાં જ પ્રયત્નોથી ખેડૂતોથી ખેડૂતોને વધારે નફો મળે એવું જોવામાં આવે છે.

ગુજરાત વિદ્યાપીઠના રાજેન્દ્રભાઇ ખીમાણીએ દિવસે દિવસે આવી રહેલો વાતાવરણમાં બદલાવ અને

તેના કારણે ખેતી પર પડતી અસર પર ચિંતા વ્યક્ત કરી અને નવી ટેકનીકથી ખેડૂતોને થતું નુકશાન અટકાવી શકાય તે વિશે ચર્ચા કરી અને તારણો રજૂ કર્યા.

આઇ.એફ.એ.ડી.(ઇન્ટરનેશનલ ફન્ડ ફોર એગ્રીકલ્ચરલ ડીવલપમેન્ટ) કૃષિ વિકાસ માટે આંતરરાષ્ટ્રીય ભંડોળ એ વર્ષ ૨૦૦૯થી આ કાર્યક્રમની શરુઆત કરી હતી. દક્ષિણ એશિયા ખંડના ભારત, બાંગ્લાદેશ અને નેપાળ પણ જોડાયા હતા, જેમાં 'સેવા'ને નેતૃત્વની જવાબદારી સોંપી હતી. 'સેવા'એ આ બંને દેશમાં કામનો અહેવાલ અને નીરિક્ષણની જવાબદારી નિભાવી હતી. બીજા તબક્કામાં નેપાળને આ ભૂમિકા સોંપવામાં આવી હતી.

ભારતના ખેડૂતોના શક્તિવિકાસ અને તેમને સંગઠનમાં જોડવાનું ભગીરથ કાર્ય રાષ્ટ્રીય અમલીકરણ એજન્સી તરીકે 'સેવા'ને સોંપાયું. ભારતભરના ખેડૂતોના સંગઠનોને જોડવા માટે 'સેવા'એ રાષ્ટ્રીય ખેડૂત મંડળ સ્થાપિત કર્યું જેમાં ૧૫ રાજ્યોની ખેડૂતો માટે કામ કરતી સંસ્થાઓ અને ખેડૂતો જોડાયા.

આ મંડળનો મૂળ હેતુ મીટિંગો અને તાલીમો થકી નાના અને સીમાંત ખેડૂતોનું સશક્તિકરણ કરવું, સરકારી યોજનાઓ સાથે જોડવા, બીજા નાણાંકીય ભંડોળ મળે તેના પ્રયાસ કરવા, ટકાઉ ખેતી થાય તેવું આયોજન સમજાવવું, ખેડૂત ભૂખ્યો ન રહે, બહેનોની ખેડૂત તરીકેની ઓળખ ઊભી થાય, બહેનોના નામે મિલકત ઊભી થવી અને ટકાઉ રોજગારી મળી રહે તે માટે મંડળ સતત કાર્યરત રહે છે.

વિવિધ દેશોમાંથી આવેલ ખેડૂત પ્રતિનિધિ બહેનો જ્યારે ઈલાબેનને મળ્યા ત્યારે તેમના અનુભવનું ભાથું જાણે બાંધીને પોતાની સાથે પોતાના દેશ લઇ જવા ને બીજા બહેનો સાથે વહેંચવા માટે તત્પર હતા. ઈલાબેને બહેનો સાથે વાત કરતાં જણાવ્યું, ગામડાં અને ખેતી એ કોઇ પણ દેશના અર્થતંત્રનો મુખ્ય આધાર છે. જો ગામડાં સધ્ધર હશે તો જ શહેર અને દેશ સધ્ધર બને. જો કે વેદના સાથે તેમણે જણાવ્યું, ખેડૂત ટાઢ, તડકો વેઠીને આપણી ભૂખ શાંત કરવા આપણાં માટે ઉત્પાદન કરે છે પણ પોતે તો ભૂખ્યો જ રહે છે.

માલનું ઉત્પાદન થાય ત્યારે દેવાનો ભાર ઓછો કરવા અનાજ વેચે અને જ્યારે પોતાને અનાજ ખરીદવાનું હોય ત્યારે ઉંચા બજારભાવે ખરીદી કરે. જે ઉગાડે એ પોતે જ ખાઇ ન શકે એ કેમ ચાલે ? આપણે ઉત્પાદક અને વપરાશકર્તા વચ્ચેનું અંતર ના ઘટાડી શકીએ ? સત્તા અને સંસાધનોનું વિકેન્દ્રીકરણ થશે તો જ વિકાસનું સપનું જોઇ શકાશે. ગામડાંમાં આખું વરસ રોજગારી મળી રહે તે માટે મજબૂત જોડાણ થવા જોઇએ. તેમજ ઉત્પાદિત માલ સીધો બજારમાં જાય તે પહેલાં ખેડૂતના પોતાના ચૂલે પહોંચે તેની તજવીજ જોઇએ. વિનાશ વહોરીને વિકાસ થાય તે સાચો વિકાસ ના કહી શકાય. કુદરતની દરેક સંપત્તિ માટે મનુષ્ય એકબીજા પર આધારિત છે તે ના ભૂલવું જોઇએ. વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે આ બાબતોને ગંભીરતાપૂર્વક લેવાની જરૂર છે.

એશિયા પેસિફીક ખંડના ખેડૂત પ્રતિનિધિઓના આ સંમેલનના સમાપન બાદ જણાયું,

- ખેડૂત જ્યાં જીંદગીભર મહેનત કરે છે એ જમીનનો હક્ક તેના પાસે નથી, એ માટે લડવું પડે છે.
- બહેન સૌથી વધારે ખેતરમાં કામ કરે  તોય તેને મુંગે મોઢે કામ જ કરવાનું એ જાણે એનું નસીબ જ બની ગયું હોય.
- અન્નદાતા જ અન્ન માટે વલખા મારે. ખેતર ખેડવાથી માંડીને પાક લણવા અને માલ બજારમાં મોકલવા માટે અને બજારભાવ સુધીની બધી જ પ્રક્રિયામાં ખેડૂત પરવશ.
- બધાં જ દેશોમાં ખેતી થતી હોય એવી જમીન ઓછી થતી જાય ને અને વસતી તો વધતી જ જાય છે. વિશ્વ કક્ષાનો ભૂખમરો ક્યારે ભરખીજશે એ કાંઇ કહેવાય નહીં.

ભારત પણ આનાથી અછૂતો નથી. અહીં ઈલાબેનની પુસ્તક 'અનુબંધ'નો ઉલ્લેખ કરવો જ રહ્યો -

સ્થાનિકસ્તરે થયેલું ઉત્પાદનને ખેડૂતો પાસેથી લઇ તેને વેચવા સુધીની આખી પ્રક્રિયા અને મૂલ્યવર્ધન સ્થાનિકસ્તરે (ગામડાંમાં જ) કરી ગામના લોકોને રોજગારી અને જરૂરી અનાજ અને જીવનજરૂરી વસ્તુઓ ગામમાં જ મળી રહે એવી ગોઠવણ થાય જેનાથી ખાદ્ય-અન્ન સુરક્ષા જળવાય અને અન્નનો બગાડ ના થાય, ટેકનોલૉજીનો ઉપયોગ સ્થાનિકસ્તરે વધારે થાય જેથી ઘરઆંગણે જ માહિતી, ખરીદ-વેચાણ વગેરે ઝડપથી અને ઓછા સમય અને ખર્ચે મળી રહે.

ખેડૂતોને આફતો સામે ટકી રહેવા માટે નાના ફંડ અને ભંડોળની વ્યવસ્થા થાય કે જેમાં તેઓ પોતાની આવકમાંથી પણ ફાળો આપે અને જ્યારે જરૂર પડે ત્યારે ઓછા વ્યાજના દરે લોન મળી શકે. ગામડાંઓમાં જ પૈસો ફરતો રહે તો ગ્રામ કુટુંબોની ખરીદશક્તિ વધે.

ખેડૂતોના આ સંગઠન ને એમના સંમેલનથી હાલ તો આશા બંધાઇ છે કે આવા સામુહિક પ્રયાસોથી ખેડૂતોની સ્થિતિ બદલાશે અને ખેડૂતબહેનોની પણ ઓળખ ઊભી થશે.

***- અલ્પા, છાયા***

❑

# ફાર્મર્સ ફોરમની સાથે સાથે...

## દેશ બદલાય પણ ખેડૂતોની હાલાકિ તો સરખી જ હોય...

***ચીન*** : સંગઠનના કોઉ હોંગ્યાનબહેને ચીનના ખેડૂત બહેનોની પરિસ્થિતિની વાત કરી. ચીનમાં બહેનો સફરજનનું વાવેતર કરે, મરઘા પાલનનું કામ, રસોઇ બનાવે, ભરતકામ કરે, ફોટો ફ્રેમ બનાવે. આ બધાં જ બહેનોને સંગઠનમાંથી બધી જ તાલીમ મળી રહે, બજારના ભાવોની ઓનલાઇન માહિતી મળી રહે, વ્યવસાયી મેળાઓમાં બહેનો જોડાય, સાહિત્ય વાંચે. આ બધી જ કવાયત બહેનોને સશક્ત કરવા માટે હોય.

***શ્રીલંકા :*** ૩૦% કામદારો ખેતી પર નભે છે. મુખ્ય પાક અનાજમાં ચોખા, ઘઉં, સાથે-સાથે ચ્હા, શાકભાજી, તેલિબીયા, ફળોની ખેતીનો સમાવેશ થાય છે. બહેનો ખેતીમાં અગ્રેસર પણ એમની આગેવાની ઓછી. હવે સજીવ ખેતી સાથે પણ બહેનો જોડાઇ રહ્યા છે. કીચનગાર્ડન પણ મોખરે છે.



# શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ.

: મુખ્ય શાખા :

૧૦૯, સાકાર - ૨, ટાઉન હોલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

ફોન : ૨૬૫ ૮૧ ૬૫૨, ૨૬૫ ૮૧ ૫૯૭

**સેવા બેંકમાં ૩૧-૧૨-૨૦૧૭ સુધીમાં બચત ખાતું ખોલાવો સાથે રીકરીંગ અથવા અટલ પેન્શન યોજનામાં જોડાવો અને એક વર્ષ માટે રૂ. ૨૦૦૦૦૦/-નું અકસ્માત સુરક્ષાકવચ મેળવો.**


# “અટલ પેન્શન યોજના”

## સાથે હવે આપણે નિવૃત થઈ શકીએ છીએ.

**ખેડૂતો, શ્રમિકો અને અસંગઠિત ક્ષેત્રનાં અનય સ્વરોજગાર નાગરિકો માટે ભારત સરકારની પેન્શન યોજના**

* અટલ પેન્શન યોજનામાં ખાતું ખોલાવો અને દર માસે નિયત તારીખે નિયત રકમ તમારાં બચત ખાતામાં જમાં કરાવો અને નિશ્રિત પેન્શનની રકમનો લાભ મેળવો.
* ૧૮ થી ૪૦ વર્ષની કોઇ પણ વ્યક્તિ આ યોજના હેઠળ પેન્શનનો લાભ લઇ શકે છે.
* આ યોજનામાં સભ્યોનું બચત ખાતું હોવું ફરજીયાત છે. જે સભ્યોના બચત ખાતા હોય તેમણે પોતાની પાસબુક સાથે લાવવી જરૂરી છે.
* બચત ખાતું ખોલાવવા માટે કે.વાય.સી. ધોરણો મુજબ કલર પાસપોર્ટ સાઇઝના ૨ ફોટા, આધાર કાર્ડ, ફોટાવાળું ઓળખપત્ર અને રહેઠાણનો પુરાવો આપવો જરૂરી છે.

## દર મહિને હપ્તો ભરવાની રકમનો કોઠો

| પ્રવેશ માટેની ઉંમર | માસિક પેન્શનની રકમ રૂ.૧૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૨૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૩૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૪૦૦૦ | માસિક પેન્શનની રકમ રૂ.૫૦૦૦ |
|---|---|---|---|---|---|
| ૧૮ | ૪૨ | ૮૪ | ૧૨૬ | ૧૬૮ | ૨૧૦ |
| ૨૦ | ૫૦ | ૧૦૦ | ૧૫૦ | ૧૯૮ | ૨૪૮ |
| ૨૫ | ૭૬ | ૧૫૧ | ૨૨૬ | ૩૦૧ | ૩૭૬ |
| ૩૦ | ૧૧૬ | ૨૩૧ | ૩૪૭ | ૪૬૨ | ૫૭૭ |
| ૩૫ | ૧૮૧ | ૩૬૨ | ૫૪૩ | ૭૨૨ | ૯૦૨ |
| ૪૦ | ૨૯૧ | ૫૮૨ | ૮૭૩ | ૧૧૬૪ | ૧૪૫૪ |

**નોંધ: દર મહિને નિયમિત હપ્તા ભરો અને ઉપર બતાવ્યા મુજબ પેન્શન મેળવો.**

***થાઈલેન્ડ :*** શહેર અને ગ્રામીણ ગરીબીનું પ્રમાણ સરખું જ જોવા મળે છે. ગામડાંઓમાં ગરીબ કુટુંબો ખેતીમાં મજૂરી કામ કરવા જાય. મુખ્ય પાકો ચોખા, શેરડી, કસાવા, રબર, પામ ઓઈલ, મકાઈનું વાવેતર થાય. જેમાં ચોખાની ખેતી સવિશેષ છે અને તેની નિકાસ પણ થાય છે. ખેતીમાં મુખ્ય ભૂમિકા બહેનોની જોવા મળે. સવારે ચાર વાગ્યે બહેનો ઉઠી જાય. ઘર-બાળકોનું કામ પરવારી ખેતરના કામમાં લાગી જાય.

વાવેતરથી માંડીને કાંપણી સુધીના કામોમાં બહેનો જોતરાયેલા હોય. જો કે એક હકારાત્મક વાત એ કે બહેનો ખર્ચના હિસાબની નોંધ પણ પોતે જ રાખે. અહીંયા જમીનની માલિકીનું પ્રમાણ ઓછું. મોટાભાગે સરકારી જમીન અથવા તો ભાડાપટ્ટે જમીન લઈને ખેતી કરે. અહીંયા ખેડૂતોને બજારભાવની બહુ ખબર ના હોય. અને આવકની સલામતી ના હોય એટલે ખેડૂતોને કોઈ લોન ના આપે.

***વિએટનામ :*** વસતીના ૬૦% કામદારો ખેતી અને ખેતી સાથે સંકળાયેલ વ્યવસાય સાથે જોડાયેલા છે. મુખ્ય પાક ચોખા છે. વિશ્વસમાં ચોખાની નિકાસમાં દ્વિતીય ક્રમે છે. અન્ય પાકોમાં કૉફી, કપાસ, મગફળી, રબર, શેરડી અને ચ્હાનો સમાવેશ થાય છે. અહીંયા પણ ખેડૂતોની માલિકીની જમીનનું પ્રમાણ ઘણું ઓછું છે. જો કે હવે નાના અને સીમાંત ખેડૂતોનું સંગઠન મજબૂત થઈ રહ્યું છે. અહીંયા ખેડૂતોને સરળતાથી લૉન મળે છે તે હકારાત્મક પાસું. બદલાતા સમયમાં દીકરા-દીકરીના વચ્ચેના ભેદ ઓછા થયા છે.

***ફીજી :*** ખેડૂતો, જંગલ પર નભતા લોકો અને મત્સયઉદ્યોગ સાથે સંકળાયેલ લોકો દેશના કુલ વૃધ્ધિ દરમાં ૧૦% ફાળો આપે છે. આ દેશનો મુખ્ય પાક શેરડી છે અને દેશની ૨૨.૯% ખેતીલાયક જમીન છે. ફીજી એક ટાપું છે. અને ત્યાં ૫૦% મૂળ નિવાસી, ૩૫% ભારતીયો અને ૧૫% અન્ય દેશના નિવાસી છે. ખેડૂતો પાસે પોતાની જમીન નથી પરંતુ સરકાર લાંબાગાળાના ભાડાપટ્ટે જમીન ખેડૂતોને ખેતી માટે આપે છે.

***મ્યાનમાર :*** અહીંયા ખેડૂતોને મોટી મોટી કંપનીઓ હાઈબ્રીડ બિયારણ અને રાસાયણિક ખાતર વાપરવા તરફ ગેરમાર્ગે દોરે છે. ખેડૂતો ચીલાચાલુ પધ્ધતિઓથી ખેતી કરે છે. તેમને બજારભાવની જાણકારી હોતી નથી. ખેડૂતોને સરકાર તરફથી જે સહાય મળે છે તે એમના સુધી પહોંચતી જ નથી. નવી પેઢી ખેતીથી દૂર થઈ રહી છે. છેલ્લાં ત્રણ વર્ષથી કૃષિ અને ખેડૂતોનું સંગઠન ગામે-ગામ જઈનેખેડૂતોને તાલીમ આપી રહ્યા છે તેની અસર જોવા મળી રહી છે.

***બાંગ્લાદેશ :*** અહીં ખેતી એ મોટાપાયે લગભગ ૪૭% વસતીને રોજગારી પૂરી પાડતો વ્યવસાય છે. તેમજ ૧૬% દેશની આવકમાં ફાળો આપે છે. અહીંયા વચેટિયાઓ ખેતી માટે જરૂરી વસ્તુઓ માટે કૃત્રિમ અછત ઊભીકરે જેનાથી ખેડૂતો હેરાન થાય અને તેમને ઉંચા ભાવે વસ્તુઓ ખરીદવી પડે. આ પરિસ્થિતિમાં સંગઠનથી ફેર પડ્યો છે.

***તઝાકિસ્તાન :*** ૯૩% પર્વતો અને ૭% જમીન સપાટ મેદાનોની છે. અહીંયા પણ ખેતી મુખ્ય વ્યવસાય છે અને સરકારની માલિકીની જમીન પર ૫૦થી ૬૦ વર્ષના ભાડાપટ્ટે લઈને ખેડૂતો ખેતી કરે છે. ખેડૂત બહેનો હવે સંગઠનમાં સક્રિય બનતા થયા છે અને વિવિધ તાલીમોનો લાભ લેતા થયા છે.

***જાપાન :*** અહીંયા ખેડૂત બહેનો મુખ્ય ખેતીની સાથે-સાથે શિયાળામાં ગ્રીન હાઉસમાં શાકભાજીનું પણ વાવેતર કરે છે જેનો મુખ્ય આશય વર્ષ દરમિયાન શાકભાજીની તંગી ના પડે તે છે. જો કે અહીયા ઠંડી પણ અતિશય એટલે સવારે ઉઠે ત્યારે તો બધુ જ શાક બરફમાં ઠીજી જાય પછી બપોરે તડકો આવે ત્યારે બરફ પીગળે અને એ પછી શાકભાજી ઉપયોગમાં લઈ શકાય.

❑

# કચ્છનું નાનું રણ

## કુદરતી ઉર્જા બની ખેડૂત બહેનોની શક્તિ

શરુઆતમાં મીઠાખેડૂઓની આર્થિક પરિસ્થિતિ બહું સારી નહોતી. કામદારો પાસે ઉત્પાદન માટે પૂરતા પ્રમાણમા આર્થિક ભંડોળ ના હોય એટલે વેપારી-શાહુકારો પાસેથી ઉછીના પૈસા લેવા પડે. પૈસા ધીરનાર ખેડૂતોની આ પરિસ્થિતિનો ભરપૂર ફાયદો ઉઠાવે અને તેમનું શોષણ કરે. ખેડૂતોને પૈસા વ્યાજે પૈસા આપ્યા હોય એટલે તેમનો ઉત્પાદન-માલ બજારભાવ કરતાં ઓછા પૈસામં ખરીદી લે ને કામદારોન બધો જ નફો છીનવાઇ જાય. માઠીબેન પણ આવા જ એક સીમાત ખેડૂત. તેમના ઉત્પાદન પર પણ વેપારી રૂા. ૮૦/-ના ભાવે મીઠાની ખરીદકિંમત ખેડૂતોને આપે જ્યારે બજારમાં તેની કિંમત રૂા. ૧૨૦/- મળતી હોય.

આવી જ પરિસ્થિતિ બીજા ખેડૂત બહેનોની પણ હતી. થોડાં વર્ષો પહેલાં 'સેવા'એ કામદારો પર અભ્યાસ કર્યો અને તેમની પરિસ્થિતિનો તાગ મેળવ્યો. તેમણે ખેડૂતબહેનોને તાલીમ આપવાનો આરંભ કર્યો. બહેનોને સૌપ્રથમ તો મીઠાની જાતોથી પરિચિત કર્યા. બહેનોને સમજાવ્યું કે મીઠું બે પ્રકારનું હોય છે. એક જે વપરાશમાં લેવામાં આવે છે જ્યારે બીજી જાતનું મીઠું ઉત્પાદનના કામમાં વપરાય છે. તાલીમોથી બહેનોને એ પણ સમજાયું કે ઓછા ખર્ચમાં કેવી રીતે વધું ઉત્પાદન થઇ શકે. આ સાથે શાહુકાર અને ખેડૂતો વચ્ચેના વ્યવહારને પણ બહેનો સમજતાં થયા. તેમની સૌદાશક્તિ વધે અને હાથમાં પૈસો રહે તેની પણ સમજ આપવામાં આવી.

માથીબેન પણ હવે સશક્ત થવા માંડ્યા. તાલીમમાં તેમને સોલર પંપ વિશે માહિતી મળી. સોલરપંર મોંઘો તો ખરો. તેમણે સાહસ કરીને સૌપ્રથમ પોતાના ખેતરમાં સોલરપંપ વસાવ્યો અને ઉપયોગ કરવા માંડ્યા. હવે તેમના ચહેરા પર સોલરપંપથી થતા ફાયદાની ચમક દેખાવવા માંડી. તેમને તો સપનામાં પણ અંદાજ નહોતો કે તે ક્યારેક ટેકનોલોજીનો ઉપયોગ પણ કરશે ! માઠીબેન તો હવે આધુનિક થઇ ગયા. ખેતરમાં ટેકનોલૉજીનો ઉપયોગ કરીને કામ કરવા લાગ્યા. મીઠાબેનની ગણના હાઇટેક ખેડૂત તરીકે થવા માંડી. ભણેલા લોકો પણ માઠીબેનની સલાહ લેવા આવવા માંડ્યા.

માઠીબેનના ખેતરમાં હવે ડીઝલનો વપરાશ ઘટીને ૧૫૦ લિટર્સથી ઘટીને ૧૦૦ લિટર્સ ડીઝલ થઇ ગયો. બહેનોને 'સેવા' તરફથી રૂા. ૧,૯૦,૦૦૦/-ની લોન આપવામાં આવી. આ ઉપરાંત પરંપરાગત ખેતીમાં પણ બદલાવ આવ્યો. માઠીબેન હાશકારા સાથે બોલ્યા, જીવનમાં હવે શાંતિ લાગે છે. 'કોને ખબર હતી કે સૂર્ય પણ પાણી આપી શકે છે !'

આ આખીય પ્રક્રિયા સરળ તો નહોતી જ.

***પડકારો સાથે ઘણું શીખ્યા પણ ખરાં :***

- ખેડૂતો નવી ટેકનોલૉજી સાથે જોડાયા. જો કે ટેકનોલૉજી ઘણી જ મોઘી હોવાના કારણે લોન સહાય વિના ખરીદવી શક્ય જ ના બને.
- મીઠાની પેનલ ખરીદવી આર્થિક રીતે શક્ય નહોતી, લોન લેવામાં પણ પડકારો તો ખરા.
- જો કે આ સાથે માહિતી અને તાલીમો મળવાને કારણે નાણાંકીય સહાય અને સહયોગના રસ્તાઓ પણ ખૂલવા લાગ્યા.

***સફળતા તરફ આગે કદમ :***

- જીવનનો રાહ બદલાવા માંડ્યો.
- આર્થિક સધ્ધરતા વધી.
- 'સેવા'માં વિશ્વાસ વધ્યો.
- તાલીમોની અસર વરતાવા માંડી.
- ટેકનોલૉજી સાથે જોડાવા માંડ્યા.
- બહેનોનું સંગઠન વધવા માંડ્યું.
- ખેડૂતો દેવાના ખપ્પરમાંથી બહાર આવવા લાગ્યા.
- ગરીબીનું વિષચક્ર તોડવા સક્ષમ બનવા લાગ્યા.
- સોલર પંપ સાથે જોડાયેલ ખેડૂત બહેનો હવે બીજા ખેડૂતો માટે આદર્શ બનવા લાગ્યા.

મીઠાની ચમક ખેડૂબહેનોના ચહેરે ચમકવા માંડી.

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17
Issued by S.S.P. Valid up to 31-12-2017.

Ahmedabad P.S.O.
06-11-2017

## સેવા સમાચાર

### 'સેવા' ઉન્નત બજારને મળ્યો આંતરરાષ્ટ્રીય ક્રાફ્ટ ઍવોર્ડ



તા. ૧૪/૧૦/૨૦૧૭ના રોજ મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી મેનકા ગાંધીના હસ્તે 'સેવા' ઉન્નત બજારને આંતરરાષ્ટ્રીય ક્રાફ્ટ ઍવોર્ડ મળ્યો. આ પુરસ્કાર પાટણ જિલ્લાના આગેવાન અને સેવા ઉન્નત બજાર બોર્ડ ઑફ ડિરેક્ટર પુરીબેન આહીર અને સી.ઈ.ઓ. સવિતાબહેન પટેલે સભ્યબહેનો વતી એવૉર્ડ સ્વીકાર્યો.

આ પુરસ્કાર ઉન્નત બજારને પ્રથમ કેટેગરીમાં આપ્યો. પ્રથમ કેટેગરીની પસંદગીમાં ખાસ તો ગ્રામીણ બહેનોનું સભ્ય આધારિત સંગઠન, બહેનના હાથમાં જતી સીધી રોજગારી, ગુણવત્તાસભર કામ અને બહેનો દ્વારા જ સંચાલિત બહેનોની જ કંપની આ ગુણવત્તાઓનો આધાર લેવામાં આવ્યો. જ્યારે કામની રજૂઆત કરી ત્યારે મંચ પર બેઠેલા સૌએ તાળીઓના ગડગડાટ કારીગરબહેનોની કલાને વધાવી લીધી.

કંપનીના શેરહોલ્ડર કારીગર બહેનો છે એ વાતથી સૌના ચહેરા પર આશ્ચર્ય સાથેનું સ્મિત રેલાતું હતું.

આ પુરસ્કાર માટે ક્રાફ્ટ વિલેજે આપણી પસંદગી કરી. ક્રાફ્ટ વિલેજ ભરતકામ અને ડિઝાઈનકામ સાથે સંકળાયેલ સ્વસહાય બહેનોના જૂથને પ્રોત્સાહન પૂરું પાડે છે. બહેનોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજાર સાથે જોડાય અને તેમની ઓળખ ઊભી થાય તેના માટે પ્રોત્સાહિત કરે છે.

પૂરીબહેને કારીગર બહેનો વતી હરખ અને આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે આ પુરસ્કાર અમારી 'સેવા'ની હજારો બહેનોનું સન્માન છે.

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **06-11-2017**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001